RESEARCH REVIEW JOURNALS
Volume-04
Issue-05
May-2019
ISSN: 2455-3085 (Online)
RESEARCH REVIEW International Journal of Multidisciplinary
www.rrjournals.com[UGC Listed Journal]

# રાષ્ટ્રીય એકીકરણની પ્રમુખ સમસ્યાઓ

ડૉ.જાગૃતિબહેન કે પટેલ

**પ્રસ્તાવના :**

વિશ્વમાં ભારતનું વસ્તીની દષ્ટિએ બીજો નંબર છે.ભારતમાં અને ભાષા–ભાષી માણસો અનેક પ્રજાતિઓ,ધર્મો અને મતો,સંપ્રદાયો તથા સંસ્કૃતિયોને માનવાવાળા લોકો વસવાટ કરે છે.આ વિવિધા હોવા છતાં પણ ભારતમાં પ્રાચીન સમયથી સામાજિક સાંસ્કૃતિક એકતા બની રહે છે.સમયે સમયે અહીંયા મહાપુરુષોના જન્મ થયા છે.જે દેશની એકતા માટેના શસ્ત્રો પીરસતા રહયા અંગ્રેજ શાસનકાળ દરમ્યાન ભારત દેશ રાજનિતિક દષ્ટિથી એક રાષ્ટ્ર હતું અને સંપૂર્ણ ભારત ઉપર એક જ પ્રકારનું શાસન કાયમ રહયું આઝાદી પછી ભારતને આઝાદીતો મળી પરંતુ એના નિર્ણાયક પરિબળોને અનેક એવા વિવાદ ઉભા કરી દીધા જેનાથી રાષ્ટ્રીય એકીકરણને ધકકો લાગ્યો પરિણામ સ્વરૂપે રાષ્ટ્રીય અને ભાવાત્મક એકતાનો પ્રશ્ન એક જવંલંત સસ્યાના રૂપમાં ઉભો થયો જો ભારતને રાષ્ટ્રીય એકીકરણના માર્ગમાં આવતી સસ્યાઓથી મુકિત મેળવવી જોઈએ.

## ➢ રાષ્ટ્રીય એકીકરણનો અર્થ :

રાષ્ટ્રનો અર્થ એવો માનવ જૂથોથી લેવામાં આવે છે જેનામાં એકતાની ભાવના જોવા મળતી હોય છે.

રાષ્ટ્રની પરિભાષા કરતા જે.એસ.લિ. લખે છે કે "રાષ્ટ્ર નવજાગૃતિનો એક એવો ભાગ છે જે બીજા લોકોની તુલનામાં એક બીજાથી સામાન્ય સહાનુભૂતિ ધ્વારા સંયુકત હોય જેનામાં એક જ સરકાર ની તરફ રહેવાની પ્રબળ ઈચ્છા હોય "

જેકયુસ મોરિટેન ના મતે ," એક રાષ્ટ્ર એક એવા લોકોનો એક સમુદાય છે જેનામાં ઐતિહાસિક જાગરૂતતા મેળવી શકાય છે.જેનું એક ભૂતકાળ હોય છે.જે પોતે જ પોતાને આંતરિક રૂપ થી પ્યાર કરે છે " આ પ્રકાર એક રાષ્ટ્ર એક ભૌગોલીક ક્ષેત્રમાં નિવાસ કરવાવાળા લોકોનું એક એવું સમુદાય છે જેનું એક ભૂતકાળ અને ઈતિહાસ હોય છે.જેનામાં આપણું અને એકતાની ભાવના મેળવી શકાય છે તથાજેની એક ભાષા,સંસ્કૃતિ સામાન્ય પરંપરા સામાન્ય ચેતના અને રાજકીય વ્યવસ્થા હોય છે.

રાષ્ટ્ર અને રાષ્ટ્રીયતા ને સમજયા પછી એકીકરણ કોને કહેવાય છે તે જાણવું જરૂરી છે.સમાજશાસ્ત્રની દષ્ટ્રીયે એકીકરણ એક પ્રક્રિયા અને અવસ્થા બન્ને છે.

કે.સી.પાન્ડે ના મતે " સાહિત્યની દષ્ટ્રિથી એકી કરણનો અર્થ છે ઘણી ઈકાઈઓ ધ્વારા એક સંપૂર્ણતા નું નિર્માણ આમાં વિભિન્નતાની ધારણા હોતી નથી તથા એ વિચાર પણ ખોટો છે કે વિભિન્ન ઈકાઈઓ ને સાથે રાખવામાં આવે છે.એના અભાવથી એકીકરણ સંભવ નથી એટલે એકીકરણમાં સંપૂર્ણતાનું નિર્માણ કરવા વાળા વિભિન્ન ઈકાઈયો નો લાભ હોતો નથી અને એના કારણે તે એકતા બનાવી રાખવા માંગે છે.

## ➢ રાષ્ટ્રીય એકીકરણના આધારો :

### ૧. ભૌગોલિક એકતા :

કાશ્મીર થી કન્યાકુમારી સુધી અને આસામથી ગુજરાત સુધી ભારત એક રાષ્ટ્રના રૂપમાં ફેલાયેલો છે ઉત્તરમાં બદ્રીનાથ દક્ષિણમાં રોમેશ્વર,પૂર્વ માં જગન્નાથ પૂરી અને પશ્ચિમમાં દ્વારકા ભારતના ધાર્મિક તીર્થ સ્થાનો છે.એમને સમગ્ર ભારતીય શ્રધ્ધા થી જુએ છે અને બધા ભારતીયોને એકતાના સુત્રથી બાંધે છે હમારે વૈદિક ઋષિ પણ માતૃભૂમિને સર્વોપરિ માને છે.

### ૨. ધાર્મિક એકતા :

ભારત માં ઘણાં ધર્માન્તરો વસવાટ કરે છે જેને બૌધ્ધ,શીખ,હિન્દુ,વગેરે ધર્મોની ઉત્પતિ ભારતમાં જ થઈ છે.છતાં બધા ધર્મ અલગ–અલગ છે.પરંતુ બધા ધર્મો માં આધ્યાત્મિકતા, નૈતિકતા , દયા સત્ય,અહિંસા,અને ઈમાનદારી વગેરે સિધ્ધાંત સમાન છે.બધા ધર્મોના ધર્મસ્થાન સમાન છે ભારતમાં દરેક વ્યકિતને પોતાનો ધર્મ પાળવાની રીત–રીવાજ પાળવાની સંપૂર્ણ સ્વંતંત્રતા છે.

RRIJM 2015, All Rights Reserved

**૩. સાજિક અને સાંસ્કૃતિક એકતા :**

ભાષા,રહેણી કરણી ,રીત રીવાજ ધાર્મિક માન્યતાઓ,આધ્યાત્કિતા વગેરે ક્ષેત્રમાં ભારત સાજિક અને સાંસ્કૃતિક દષ્ટિથી એક છે.સદીઓથી ભારતીય સંસ્કૃતિની એકતાની ઓળખ છે.બધા સમાજમાં સંયુકત પરિવાર પ્રણાલી, જાતિવ્યવસ્થા, આશ્રમવ્યવસ્થા, પુનજન્મ આધ્યાત્મવાદ,કર્મ પુરુષાર્થ અને વર્ણ વ્યવસ્થા આદિકાળથી માન્ય રહી છે.જેના કારણે સહિષ્ણુતાની ભાવના મળે છે.ભારતની સંસ્કૃતિ એટલી વિશાળ અને ઉદાર છે કે અનેક સંસ્કૃતિઓ એમાં વિલિન થઈ ગઈ તે બધાને પોતાનામાં આત્મસાત કરી લીધો આમારી પ્રજાતાંત્રિક નીતિ બધામાં સહયોગ સમન્વય અને સોહાર્દ ની ભાવના વિકસિત કરે છે.

RRIJM 2015, All Rights Reserved